# શ્રી વી. એમ. મહેતા મ્યુનિસિપલ કોલેજ, જામનગર.

## કોમર્સ વિભાગ : સામાન્ય સૂચનાઓ

૧) ધો. ૧૨ (કોઈપણ પ્રવાહ) ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓને કોમર્સ ફેકલ્ટીમાં પ્રવેશ આપવામાં આવશે.

૨) **<u>સ્કૂલમાંથી મેળવેલ U-DISE યુનિક આઇ.ડી. નંબર (૧૮ આંકડાનો) ફરજીયાત આપવાનો રહેશે.</u>**

૩) ગુજરાત હાયર સેકન્ડરી બોર્ડ દ્વારા ધો.-૧૨ પાસ થનાર વિદ્યાર્થીને આર્ટ્સના પ્રથમ વર્ષમાં સીધો પ્રવેશ મળી શકશે. અન્ય બોર્ડ દ્વારા હાયર સેકન્ડરી પાસ કરનારને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી તરફથી પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટીફીકેટ મેળવવું પડશે. પ્રોવિઝનલ એલિજિબિલિટી મેળવ્યા બાદ જ કોલેજમાં પ્રવેશ મળી શકશે.

૪) એલિજિબિલિટી મેળવ્યા પછી જે - તે બોર્ડ/યુનિવર્સિટીનું માઇગ્રેશન સર્ટીફીકેટ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં રજૂ કરી ફાઇનલ એલિજિબિલિટી સર્ટીફીકેટ મેળવી કોલેજ કાર્યાલયમાં રજુ કરવાનું રહેશે. ફાઇનલ એલિજિબિલિટી ને અભાવે વાર્ષિક પરીક્ષામાં બેસી શકાશે નહિં.

૫) ગુજરાત હાયર સેકન્ડરી બોર્ડની પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીએ યુનિવર્સિટીમાં પોતાનું નામ એનરોલ કરાવવા માટે એનરોલમેન્ટ ફોર્મ તથા તેની જરૂરી ફી જમા કરાવવાની રહેશે. અન્ય બોર્ડ દ્વારા હાયર સેકન્ડરી પાસ કરનાર વિદ્યાર્થીએ માત્ર એલિજિબિલિટી સર્ટીફીકેટ રજૂ કરવાનું રહેશે. એલિજિબિલિટી મેળવનાર વિદ્યાર્થીને એનરોલમેન્ટની આવશ્યકતા રહેશે.

૬) યુનિવર્સિટીના નિયમ પ્રમાણે ૮૦% હાજરી જરૂરી છે. નિયમ મુજબની હાજરીના અભાવે સત્રો માન્ય થશે નહિ. આ અંગેની તમામ જવાબદારી વિદ્યાર્થીની રહેશે.

૭) કોલેજમાં એન.સી.સી.નું યુનિટ છે. વિદ્યાર્થી તેમાં પ્રવેશ મેળવવા ઇચ્છે તો સીલેકશન દ્વારા મેળવી શકશે.

૮) કોલેજમાં એન.એસ.એસ. યુનિટ ચાલે છે. વિદ્યાર્થી તેમાં પ્રવેશ મેળવવા ઇચ્છે તો સીલેકશન દ્વારા મેળવી શકશે.

૯) એન.સી.સી. કે એન.એસ.એસ. માં ન જોડાનાર વિદ્યાર્થીએ પી.ટી. ની પરીક્ષા આપવી ફરજીયાત છે.

૧૦) કોલેજમાં ગ્રંથાલયની સુવિધા છે. ગ્રંથાલયમાં પોતાના કાર્ડ ઉપર દર ૧૫ દિવસે નવું પુસ્તક ઇશ્યુ કરાવી શકાશે.

૧૧) કોલેજમાં ''બૂક બેન્ક'' યોજના અમલમાં છે. બૂક બેન્ક યોજનાનો લાભ લેનાર વિદ્યાર્થીએ જરૂરી ઘસારાની રકમ જમા કરાવી પુસ્તકો મેળવી શકશે. વર્ષ પુરૂ થયેથી પુસ્તકો પરત કરવાના રહેશે. પુસ્તકો જમા નહી કરાવનાર વિદ્યાર્થીઓ પાસેથી પુસ્તકની કિંમત વસુલ કરવામાં આવશે.

૧૨) ફી :- વિદ્યાર્થીએ પ્રવેશ મેળવતી વખતે પ્રથમ સત્રની ફી, દિવાળી વેકેશન બાદ બીજા સત્રની ફી ભરવાની રહેશે. એક વખત ફી જમા કરાવ્યા બાદ ફી પરત મળી શકશે નહીં.

૧૩) વિદ્યાર્થી અન્ય કોલેજમાંથી આ કોલેજમાં પ્રવેશ મેળવવા ઇચ્છે તો તેણે પોતાની કોલેજના આચાર્યશ્રીનું નોઓબ્જેકશન સર્ટીફીકેટ રજુ કરવાનું રહેશે અને આ કોલેજમાં પ્રવેશ બાદ ટ્રાન્સફર સર્ટીફીકેટ રજુ કરવાનું રહેશે.

૧૪) આ કોલેજમાંથી અન્ય કોલેજમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા વિદ્યાર્થીએ પ્રથમ આ કોલેજનું નોઓબ્જેકશન સર્ટીફીકેટ મેળવવાનું રહેશે અને અન્ય કોલેજમાં પ્રવેશ મેળવી આ કોલેજમાંથી ટ્રાન્સફર સર્ટીફીકેટ કઢાવવાનું રહેશે.

૧૫) સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી અન્ય યુનિવર્સિટીમાં અભ્યાસ માટે જનાર વિદ્યાર્થીએ નિયત ફોર્મ ભરી માઇગ્રેશન સર્ટીફીકેટ માટે અરજી કરવાની રહેશે. આ કોલેજના ટી.સી. સાથે યુનિવર્સિટીમાં માઇગ્રેશન ફોર્મ રજૂ કરવાથી માઇગ્રેશન સર્ટીફીકેટ મળી શકશે.

૧૬) આર્થિક રીતે પછાત વિદ્યાર્થીઓને EWS નો લાભ આપવામાં આવે છે. વિદ્યાર્થીના કુટુંબની વાર્ષિક આવક રૂા. ૮,૦૦,૦૦૦/- ની અંદર હોય તેવા વિદ્યાર્થીઓ આ યોજનાનો લાભ લઇ શકશે. EWS માફી મેળવવા ઇચ્છતા વિદ્યાર્થીઓએ નિયત ફોર્મમાં અરજી કરવાની રહેશે. (ડીઝીટલ ગુજરાત પોર્ટલ પર)

૧૭) અનુસૂચિત જાતિ (એસ.સી.) તથા અનુસૂચિત જન જાતિ (એસ.ટી.) ના વિદ્યાર્થીઓને સરકારશ્રીની શિષ્યવૃતિ મળી શકે છે. આવા વિદ્યાર્થીઓએ નિયત ફોર્મમાં અરજી કરવાની રહેશે. (ડીઝીટલ ગુજરાત પોર્ટલ પર)

૧૮) સામાજિક તથા શૈક્ષણિક પછાત (બક્ષીપંચ) ના વિદ્યાર્થીઓ પણ સરકારશ્રીની શિષ્યવૃતિનો લાભ મેળવી શકશે. સબંધિત વિદ્યાર્થીઓએ નિયત પત્રકમાં અરજી કરવાની રહેશે. (ડીઝીટલ ગુજરાત પોર્ટલ પર)

૧૯) શારીરિક ખોડ ખાપણ વાળા વિદ્યાર્થીઓને પણ શિષ્યવૃતિનો લાભ મળી શકે છે. તેમણે ડોકટરી સર્ટીફીકેટ સાથે નિયત પત્રકમાં અરજી કરવાની રહેશે. (ડીઝીટલ ગુજરાત પોર્ટલ પર)

૨૦) વિદ્યાર્થીએ કોલેજમાં શિસ્તબદ્ધ રીતે વર્તવાનું રહેશે. કોલેજની મિલ્કતને નુકશાન કરવું, અશોભનિય વર્તન કરવું વગેરે ગેરશિસ્ત ગણાશે. ગેરશિસ્ત આચરનાર વિદ્યાર્થીનો પ્રવેશ રદ કરવામાં આવશે.

૨૧) પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીએ પ્રવેશફોર્મ સાથે નીચેના ડોકયુમેન્ટસ રજુ કરવાના રહેશે.

**૧) જીકાસમાંથી પ્રવેશ મેળવવા માટેનો કોલ લેટરની ઝેરોક્ષ**

**૨) જાતીનો દાખલો અને ક્રિમીલેયર સર્ટીફીકેટ (લાગુ પડતુ હોય તો)**

**૩) પ્રયત્નનો દાખલો (ફર્સ્ટ એટેમ્પ સર્ટીફીકેટ સ્કુલનું)**

**૪) એનરોલમેન્ટ ફોર્મ**

**૫) આધાર કાર્ડની ઝેરોક્ષ-૧**

**૬) ધો. ૧૨ ની માર્કશીટની ઝેરોક્ષ-૨ (તમામ)**

**૭) ધો. ૧૦ ની માર્કશીટની ઝેરોક્ષ-૧ (તમામ)**

**૮) સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ ઝેરોક્ષ-૧**

**૯) પાસપોર્ટ સાઇઝના ફોટોગ્રાફ-૩ સૌ. મ્યુનિ. નિયમ મુજબ ૩.૫ સેમી. × ૪.૫ સેમી. કલર તથા સફેદ બેકગ્રાઉન્ડ વારા**

**૧૦) ધો. ૧૨ ની અસલ માર્કશીટ પ્રવેશ મળે ત્યારે**

૨૨) વિદ્યાર્થીએ પોતાનો પાસપોર્ટ સાઇઝનો ફોટો રજૂ કરી આઇડેન્ટીટી કાર્ડ મેળવી લેવું. કોલેજમાં પ્રવેશ કરતી વખતે આઇડેન્ટીટી કાર્ડ અવશ્ય સાથે રાખવું.

૨૩) કોલેજના કોઇપણ વર્ગમાં પ્રવેશ મેળવતી વખતે આગલી પરીક્ષાની માર્કશીટ રજૂ કરવાની રહેશે.

૨૪) કોમર્સના વિષયો નીચે પ્રમાણે ગ્રુપ મુજબ રાખવાના રહેશે.

**વિષયો (બી.કોમ. સેમેસ્ટર-૧) :**

| Sr.No. | Course Category | Subject Name |
|---|---|---|
| 1 | Major-1 | Basics of Financial Accounting |
| 2 | Major-2 | Business Accounting-1 |
| 3 | Minor-1 (Select Any One) | Business Administration - 1 |
| | | Business Management - 1 |
| | | Business Computer Science - 1 |
| 4 | MDC-1 | Environmental Studies |
| 5 | SEC - 1 | Rural Development |
| 6 | AEC - 1 | Business English - 1 |
| 7 | VAC - 1 (Select Any One) | Indian Knowledge System - 1 |
| | | Computer Application in Business |

**પ્રિન્સીપાલ**